# સુરતના ૬ઠા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ, ની કોર્ટમાં
# (નેશનલ લોક અદાલત મધ્યે)

**ફો. કેસ નં.૬૩૬૪૬/૨૦૨૨**

આંક–

## :: ચુકાદો ::

૧. આ કામના આરોપીઓ સામે ફરીયાદ પક્ષના કેસ મુજબ ચાર્જશીટના કોલમ નં. ૫ મુજબનો ગુન્હો કરેલ હોવાથી આરોપી સામે જુગાર ધારાની કલમ ૧૨ મુજબનો ગુન્હા માટે પોલીસે ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. ચાર્જશીટના આધારે આ કામના આરોપીઓ ને ક્રિ.પ્રો.કોડ ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપસની નકલ પુરી પાડવામાં આવેલ અને આરોપીઓ સ્વેચ્છાએ પોતાનો ગુન્હો કબુલ કરતા હોય અને આ કામના આરોપીએ ગુન્હો કબુલાત પુરશીશ રજુ કરેલ છે અને તમામ આરોપીઓએ "No claim Pursis" રજુ કરેલ છે. તે ધ્યાને લેતા, તેમાં તેમણે ભવિષ્યમાં ગુન્હો નહીં બને તેની ખાત્રી આપી છે, તેથી આરોપીની ગુન્હા કબુલાત સાચી અને સ્વેચ્છીક હોય નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીઓનો આ પ્રથમ ગુન્હો છે અને થયેલ ગુન્હા બદલ પસ્તાવો પ્રગટ કરે છે. તેથી આ કામના આરોપીઓની ગુન્હા કબુલાતના આધારે જ તેઓ તકસીરવાન ઠરતા હોય, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું :

## :હુકમ:

૧. આરોપીઓ ને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ ૧૨ ના ગુનામાં દોષીત ઠરાવી દરેક આરોપીને રૂ.૧૦૦/– (રુપિયા એકસો પુરા) એટલેકે **કુલ રૂપીયા ૭૦૦/– (કુલ રૂપિયા સાતસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ જમા કરવવામાં કસુર કરે તો દિન–૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુધ્દામાલની તમામ રોકડ રકમ સરકારે જમા કરાવવી અને અન્ય મુધ્દામાલનો અપીલ સમય બાદ નીયમ અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૧૧ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

*સ્થળ : સુરત*
*તારીખ: ૧૧.૦૨.૨૦૨૩*

*આકાર લલિતકુમાર ત્રિવેદી*
*૬ઠા જ્યુડી.મેજી., ફ.ક., સુરત*
*(કોડ નં.જી.જે.૦૧૫૫૭)*